શ્રી કચ્છ પાલીવાળ

અભ્યુદય.

સંવત [illegible] ના વૈશાખ સુદ ૧ ને બુધવાર

[illegible]

જોસી રતનસી જીવણરામ

કચ્છ નખત્રાણા. હાલ મુ. [illegible]

સુરત ખપાટીઆ ચકલામાં આવેલા શ્રી " દેશી મિત્ર " પ્રેસમાં
મગનલાલ હીરાભાઈએ છાપ્યું.

કીંમત કોરી ૦ાા.

શ્રી ૧। ૐ શ્રી ૧।

॥ શ્રી કચ્છ પાલીવાળ અભ્યુદય: ॥

શ્રી કૃષ્ણા નમા   શ્રી ગોપીજન વલ્લભાયનમા

શ્રી પાલીવાળ જ્ઞાતિ બંધુઓને નમ્ર વિજ્ઞપ્તિ.

સ્વસ્તિ શ્રી કચ્છ મધેના પાલીવાળ જ્ઞાતિભાઇઓને હું નીચે શહી કરનાર શુભેચ્છક સેવક સવિનય અરજ કરૂં છું, જે અરજ પાલીવાળ જ્ઞાતિભાઇઓ ધ્યાનમાં લેવા કૃપા કરશોજી.

॥ પ્રથમો આચારો ધર્મ ॥
॥ આચારે પ્રભુ રૂચ્યતે ॥

જ્ઞાતિ બંધુઓ હવે ઉંઘમાંથી જાગ્રત થાઓ, હવે ઘણા દીવસ સુધી ઉંઘ લીધી, હવે ઉંઘમાં સાર નથી, હવે ઉંઘમાંથી શાવધાન થાઓ, શાવધાન થઇને આપણો વર્ણાશ્રમનો વીચાર કરો કે આપણો વર્ણાશ્રમનો ધર્મ શું છે આપણે કેવી રીતે વર્તવું જોઇએ. આપણને પરમેશ્વરે મનુષ્યનો દેહ આપ્યો છે. તેમાં વળી બ્રાહ્મણ જેવી ઉત્તમ જ્ઞાતિમા જન્મ મલ્યો છે તે ઉપરથી આપણે વીચાર કરવાનું કે આપણો ધર્મ શું છે. તેજ પ્રમાણે વર્તવું જોઇએ. અને તેવાજ આચાર પાળવા જોઇએ અને તેવીજ રીતે આપણી પ્રજાઓને એટલે છોકરાંઓને શીખવવું. જોઇએ. જો તે પ્રમાણે વર્તીશું તો આપણા પર પ્રભુ શાનુંકુળ રેહશે તેથી આપણી મનોવૃત્તી સત્ય ગુણપર દોરાશે જેનાથી આપણું ચીત સારા ધાર્મીક કામ કરવામાં આપણી મનોવૃત્તી દોરાશે. આપણે આપણા ધર્મપર રહીશું તો આપણે ધારીશું

તે કામ કરતા વાર લાગશે નહીં. એમા શક નહીં કોની માફક કે પાંડવોને કેટલું કેટલું દુર્યોધને દુઃખ આપ્યું તોએ પાંડવોએ પોતાનો ધર્મ છોડયો નહીં તો પરમાત્મા શ્રી કૃષ્ણ ભગવાને તેમની વખતો વખત શાહ્યતા કરી તેવીજ રીતે જો આપણે આપણા ધર્મપર રહીશુ તો આપણને કેવી રીતે છોડી શકશે. કદી પણ છોડનાર નથી. તે નિશ્ચે સમજવું. " માટે જેનો જે વર્ણમાં જન્મ હોય તેણે પોતાની વર્ણના ગુણ અને કર્મનું અનુકરણ કરવું તેજ તેને માટે શ્રેયકાર છે " ઇશ્વરે આપણે ઉત્તમ જ્ઞાતિમાં વળી બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ આપ્યો છે તો તેજ પ્રમાણે તેવાજ આચારપર રહીને તેવોજ ધર્મ પાળવો એજ આપણું કામ છે. હાલમાં કળી કાળના જમાનામાં બધો ફેરફાર થઇ ગએલ છે નીચી વર્ણના માણસો ઉંચના કર્તવ્ય કરે છે અને ઉંચી વર્ણના માણસો નીચી વર્ણના કર્તવ્ય કરે છે. આપણા બ્રાહ્મણોની જાતીમાં જે ન થવાના તે કાર્ય થાય છે. અને જે થવાના તે નથી થતા, તે મોટી આપણી ભુલ ભરેલું છે. જે બને છે તે કળી વર્તમાનથીજ બને છે. જેવે આપણે આપણા ધર્મપર રહીશું તો આપણને કળી કાંઇ પણ કરનાર નથી. તે નક્કી સમજવું માટે આપણો જે ધર્મ છે તે કદી પણ છોડવો નહીં.

જ્ઞાતિ સંપ.

જ્ઞાતિ બંધુઓ મારે કેહવાનું એટલુંજ છે કે આપણી જ્ઞાતિમાં એક શંપ થાઓ " ઐકયતા એ પણ એક દરેક સુધારો કરવાનું મુળ પગથીયું છે. જુવો આપણી જ્ઞાતિમાં બહુજ અભાવ છે માટે સર્વ જ્ઞાતિભાઇઓને મારી વિનંતી છે કે હું મોટો અમુક નાનો હું ગુણવાન અમુક અધવાશી અમુક આવો, અમુક તેવો, એવા નિર્માલ્ય

અને અભિમાન રૂપી વિચારો દીલમાંથી કાઢી નાંખી આપણે બધા એકજ ભાઇઓ છીએ ને માળાના મણકા સર્વે સરખા તેમ સમજી પ્રસંગોપાત ભેગા થઇ આપણું તથા આપણા વંશજોનું ભલું થાય તેવા ઉપાયો આપણું તન મન અને યથાશક્તિ ધન ખર્ચી શોધવા એ જ્ઞાતિની ઉન્નતિનું સાધન છે. કેળવણી એ અમુલ્ય રત્ન છે. તેને વિષે જેટલું વિવેચન કરીએ તેટલું થોડું છે. કેળવણીમાં બીજી જ્ઞાતો કરતાં આપણી જ્ઞાતિ કેટલી બધી પછાત છે. છોકરાની પેઠે છોકરીઓને પણ કેળવણી આપવી એ બહુજ અગત્યનું છે. કેમકે સ્ત્રીઓ અભણ વહેમી અને અજાન છે તે કેળવણીની ખામીને લીધેજ છે. અને તેથી તે પુરૂષના વેહેવારીક કામમાં, જ્ઞાતિના સુધારાના કામમાં તેને મદદ કરવાને બદલે એક આડ ખીલી રૂપ થઇ પડે છે કેમકે ઘર સંસાર એ એક ગાડા રૂપી છે ને જ્યારે ગાડાનાં બે પૈડા બરાબર સારાં ને સરખાં હોય તો તે બરાબર ચાલે છે તેમજ જે ઘરમાં સ્ત્રી, પુરૂષ બંને કેળવાયલાં હોય તો તે ઘર સારી રીતે ચાલે છે. માતા કેળવાયલી હોય તો તેની પ્રજા ઉપર સારા સંસ્કાર પડે છે. ને ઉતરોતર તે કુટુંબ સારૂં નીવડે છે. માટે સ્ત્રી કેળવણી એ એક અગત્યની બાબત છે. ને તે ઉપર પુરતુ લક્ષ આપવુ જરૂરનું છે. "

(બાજ. ખેડાવાળમાંથી.)

જ્ઞાતિની ઉન્નતિ.

જ્ઞાતિની ઉન્નતિ એટલે જ્ઞાતિનો અભ્યુદય અથવા ઊંચી સ્થિતિમાં આવવું તે અને એથી ઊલટી સ્થિતિમાં આવવું તે અવનતિ એટલે પડતી દશામાં આવવું તે.

આપણને જ્ઞાતિની ઉન્નતિની ઉત્કંઠાની જરાપણ લાગણી હોય તો તે વિષય ચર્ચવા શારૂ પ્રથક્ પ્રથક્ સભાઓ ભરી સંગીન કામ કરીને જ્ઞાતિની ઉન્નતિ કરીએ જ્ઞાતિની ઉન્નતિ સાથેજ પોતાની ઉન્નતિ થવાની છે. એકલા ઉન્નતિ કરીને અને જ્ઞાનની ડાહી ડાહી વાતો કરીને ઘરમા બેશી રહેવાનું નથી. તેમ કર્યાથી પોતાની ઉન્નતિ કદીએ થતી નથી કારણ કે જ્ઞાતિજનો એ જ્ઞાતિના સ્થભ રૂપ છે: અને તેથી સર્વેએ એકત્ર થઈ પોતાની ઉન્નતિ કરવા જાય તો તેમ બનેઃ નહીં. અને જ્ઞાતિનું મકાન તેમ કરતા તુટી જવાનો સંભવ રહે પોતાનાજ હિતને અર્થે સર્વેને સભામાં આવવાની ઘણી જરૂર છે. પોતાની જ્ઞાતિની ઉન્નતિ કરવા માટે થોડો ઘણો અવકાશ ન લે તો તેઓ પછી પરોપકારનાં શા કામ કરવાના હતા ? પોતાના સ્વાર્થનું કામ તો દરેક મનુષ્ય કરે પરંતુ પરોપકારનું કામ ખરા દીલથી કરવું ત્યાંજ મહાનપણું ગણાય છે કેમકે જેણે પારકાના હિતમાં પોતાની વિદ્વતા અને લક્ષ્મી વાપરી નથી તે પશુ તુલ્ય ગણાય છે. આપણી જ્ઞાતિની પડતી દશાના અનેક કારણો છે એક તો વિદ્યાના બોહોળા પ્રચારનો અભાવ તથા સ્ત્રી ,કેળવણીમાં ઘણું પછાતપણું તેની સાથે મિથ્યા કુલાભિમાન, બાળ લગ્ન, કન્યા વિક્રય વીગેરે કારણો પણ જ્ઞાતિની ઉન્નતિ કરવામાં અટકાવ કરનારાં થઈ પડે છે એ સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે. જે કુળમા સદ્‌ગુણ વિદ્યા આચાર વિચાર પૈસો વગેરે હોય તો તે કુળ ઊંચું ગણાય. અને એથી ઊલટું તે હલકું ગણાય.

આપણા એક કવિ કહે છે કે,

તપો દમો બ્રહ્મવિત્ં વિતાના:
પુણ્ય વિવાશ: સતતાન્ન દનમ્
દષ્વેવતે સત્યગુણા વસાન્ત
સમ્યગ્વૃતા સ્તાનિ મહાકુલાનિ

અર્થ ૧ તપ એટલે સારો સ્વભાવ, પવિત્રતા, આદર સત્કાર વગેરે ૨) દમ એટલે ઇંદ્રીઓ વશ રાખવાપણું ૩) ઇશ્વિર સંબંધી જ્ઞાન ૪) દ્રવ્ય ૫) યજ્ઞ. ૬) ઘટીત રીતે પુત્ર પુત્રીના લગ્ન, ૭) હંમેશા અન્નદાનં એ સાત ગુણ જે કુળમાં હોય તે કુળ ઊંચું કહેવાય.

હવે તો મિથ્યા અભિમાન વધ્યું છે. અને તે વગેરે બીજા અનેક કારણો જ્ઞાતિની અવનતિમાં ઊમેરો કરતા થઇ પડયાં છે.

આપણી જ્ઞાતિમાં જે ગ્રહસ્થોએ આ સમાજની ભવિષ્યની ઊન્નતિનો વિચાર કરી આ સમાજના કામમા તન; મન ધનથી સહાય કરવાનો જે સ્પષ્ટ વિચાર સ્વીકાર્યો હોય તે સ્વિકાર તેમણે સતત જારી રાખવો અને તે નીર્વિઘ્ન પાર ઊતારવા પ્રયત્નશીલ થવું જોઇએ;

બાલકોને કેળવણી.

૧ હાલમાં આપણી જ્ઞાતિમાં જે નાના નાના બાલકો તથા બાલકીઓ છે. તેમને વ્યવહાર તથા નીતિની કેલવણી આપવાને સારૂ રસ્તો લેવાની ઘણીજ જરૂર છે. જેના સારા પરિણામ માટે બે મત છેજ નહીં એ આપ સર્વ ભાઇઓને વિદિત. છે.

૨ આપણા વડીલોની કારકીર્દિ બતાવી આપે છે કે આગળના વખતમાં ભણેલા જો કે થોડા હતા તોપણ પૈસો પેદા કરવામાં ઘણાજ ચતુર હતા. કામ ધંધામાં સારી રીતે સમજતા હતા. હુન્નરમાં કુશળ અને શરીરે શકિતમાન હતા.

૩ આપણા વડીલોના વખતમાં ભણવાનો પ્રચાર થોડો હોવાને લીધે આપણને ભણાવી શકયા નહીં જેના માઠા ફળ આપણે ભોગવીએ છીએ ભણેલા માણશની ચાર નજર થાય છે અને તેથી તેનું ચારે બાજુનું ભવીષ્ય ખુલી જાય છે.

૪ આપણા નાના નાના બાળકોને ભણાવીએ તથા કેળવણી આપીએ તો આપણી જ્ઞાતિમાં સુધારો વધારો થઈ જ્ઞાતિ શારા પાયા પર આવી જશે એમાં શક નથી.

જ્ઞાતિ સામે ઝગડો.

૫ હાલમાં આપણે નિર્ધન થઇ ગયા છીએ જેના કારણો નીચે મુજબ આ લેખી શકાય. એક તો સંપ નથી બીજુ ઇર્ષ્યા છે ત્રીજું પોતાનો ધર્મ શું છે તે સમજતા નથી ચોથું વિદ્યા જ્ઞાન નથી.

૬ આપણી જ્ઞાતિમાં કોઈ પણ જાતનો કાયદો નથી તેથી જ્ઞાતિમાં બગાડો થઇ ગયો છે અને થાએ છે તેમાં પણ સુધારો વધારો કરવાની જરૂર છે.

૭ જે જે કાયદાઓ આગળ બાંધેલાં કેહેવાય છે તે કાયદાઓ અમલમાં રહ્યા હોય એમ માલમ પડતું નથી બાંધેલા કાયદાઓ ઉંચા મુકી દીધા હોય એમ લાગે છે સારા હીતકર કાયદાઓનું અપમાન કરવું એ જ્ઞાતિની અધોગતિ કરવા જેવું છે.

૮ આપણી જ્ઞાતિના નીમેલા પંચે તથા સરપંચે સાથે મળીને બાંધેલા કાયદાઓ પ્રમાણે જ્ઞાતિને ચલાવવી તે તેમનું કામ છે તેઓ જો પોતાના એક કર્તવ્ય તરફ તદન બે દરકાર રહે તો પછી જ્ઞાતમાં સુધારો વધારો કેવી રીતે થઇ શકે.

૯ આપણી જ્ઞાતિમાં બીડીઓ પીવાનો બુરો રીવાજ અતિશય વધી ગયો છે તે બંધ કરવો જોઇએ.

૧૦ જ્ઞાતિ નાની મેલા પંચ તથા શીર પંચ તથા જ્ઞાતિ ભાઇઓ સર્વે મળીને સંપથી હાલમાં જે આપણી નાની નાની ઉછરતી પ્રજા છે તેને યથાર્થ કેળવણી આપવાને સારૂ એક નાની સરખી શાળા ઉઘાડવી જરૂરની છે અને તે તેને માટે એક નાનું સરખું ફંડ ઉભુ કરવું જોઇએ. જ્યાં સુધી શાળા સ્થાપવાને માટે ફંડ ઉભું થયુ નથી ત્યાં સુધી છોકરાંઓને ભણાવવાને શારૂ તેમના મા બાપોને ભલામણ કરાવવી જોઇએ.

૧૧ છોકરાંઓને ભણાવવા સારૂ જો હવે ઢીલ થશે તો આપણા છોકરાંઓ આપણા કરતાં પણ બુરી હાલતમાં આવી જશે વળી આપણા ઘરમાં કોઈ પણ જાતનો વેહેપાર કે રોજગાર નથી તો પછી આપણી પ્રજા કેવી રીતે સુધરશે;

૧૨ હાલના છોકરાંઓ કેવી રીતે વરતે છે તે જોવાનું કામ પંચ તથા સર પંચનું છે કોઇ કોઇને કહી શકે નહી તો પછી નીમેલા પંચ તથા સર પંચ શા કામના છે, એમ કોઇ આક્ષેપ લાવી શકે.

૧૩ પચ તથા સર પંચ આંખ મીચામણા કરે અને પોતાની ફરજ બજાવી શકે નહિ તો પછી આપણી જ્ઞાતિમાં સુધારો વધારો થવાનો સંભવ બહુ ઓછો છે.

૧૪ આપણી જ્ઞાતિના જે જે કાયદાઓ બાંધેલા કેહેવાય છે તે તે કાયદાઓમાં હજુ યોગ્ય ફેરફારો કરી સુધારા કરવાની હજુ ઘણી જરૂર છે. અને તે કાયદાઓ છપાવવા જોઇએ.

૧૫ વળી આપણી જ્ઞાતિમાં જે કેટલાક ચાલુ રીત રીવાજો છે તે પણ બહુ ખોટા છે તેમાં પણ સુધારો થવો જોઇએ છે જે રીત ભાતો છે તે ઘટાડીને ખરચ કમી કરવો જોઇએ અને બચેલો પૈસો કેળવણીમાં વાપરવો જોઇએ.

૧૬ હાલના વખતમાં જોશો તો આપણી જ્ઞાતિમાં કોઇપણ માણસ વેહેપારમાં કે બીજા કામ ધંધામાં નજર પોહોચતી નથી અને નજર કયાંથી પોહોંચે. એટલું જ્ઞાન ઓછું. કેળવણી ઓછી તેથી લાંબી નજર પોહોંચે નહિ.

૧૭ એવા દાખલાઓ આપણી જ્ઞાતિભાઇઓમાં બનેલા છે જે દાખલા હાલમાં ખુલો રીતે જણાવવાની જરૂર નથી તે જો જણાવીએ તો કેળવણી લીધેલા માણુશોને ખોટું લાગે વખત આવે ત્યારે આપી શકાએ છે.

૧૮ પોતાનામાં કેળવણી ન હોય તો પછી પોતાના છોકરાઓને ભાઇ ભાંડુઓને તથા શગા વાહાલાંઓને કેળવણી આપી શકે નહિ. એ સ્વભાવિક વિદ્યારૂપી અમૃતનો જેણે સ્વાદ ચાખ્યો નથી તેને તેની કીંમત જણાયે નહિ, પરંતુ કેળવાયેલા માણુસ સહેજ કહી શકશે કે વિદ્યા જેવું કોઈ ધન નથી વિદ્યા પ્રાપ્ત કરવાથીજ મનુષ્ય આ લોક અને પરલોક સુધારી શકે છે.

“ શુનઃ પૂચ્છમિ વ વ્યર્થઃ જીવિતંવિ ધ્યયતિનાઃ
ન ગુહ્ય ગોપ ને સકૂઃ નવષ્ટકે સનિ ષ ર ણે ”

અર્થ—વિદ્યા વીનાનુ જીવતું વ્યર્થ અને કુતરાના પુંછડા આફક છે કારણ કુતરાનું પુંછડું જેમ ગુહ્યને ઢાંકવાને શકિતમાન નથી તેમ વીદ્યા વીનાનો પુરૂષ કલેશ, દુઃખ મટાડવાને શક્તિમાન નથી.

" ન ચૈર હાર્યઃ ન ચ રાજ્ય હાર્યઃ
ન ભવિ ભાગ્યઃ ન ચ ભાર કારી
વ્યયે કૃતે વર્ધ તઃ એવનિ ત્યં
વિદ્યા ધનં સર્વઃ ધનં પ્રધાનમ "

અર્થ—વીદ્યાને ચોર હરી જતું નથી રાજ્ય હરી લેતું નથી ભાઇ ભાગ પડાવતા નથી ભાર થતો નથી વીદ્યા રૂપી ધન જેમ વાપરો તેમ તેમ વધે છે જેથી વીદ્યા રૂપી ધન સવ ધનથી અગ્રણી છે. અથવા ઉતમ છે.

૧૯ માટેજ હાલમાં આપણાં છોકરાંઓને નૈતિક તથા વ્યવહારોપયોગી કેળવણી આપવાની ઘણી જરૂર છે જો એવી યોગ્ય કેળવણી વખતસર નહીં અપાય તો આપણાં છોકરાંઓ આપણા કરતાં પણ ઉતરતા કામ ધધામાં પડી જશે તે નક્કી શમજવું.

૨૦ જ્ઞાતિ બંધુઓ તથા પંચ તથા સર પંચ સર્વેને આ લખનાર નમ્ર વિનંતી કરે છે અને તે વિનંતી જ્ઞાતિ ભાઇઓ ધ્યાનમાં લઇ તેને ટેકો આપશે એવી આશા છે. જે જે બાબતો લખેલી છે તેના ઉપર વેળાશર ધ્યાન આપવું જોઇએ છે. હવે આળશ કરી બેસી રેહેવાનો વખત નથી. અલબત આ બાબતો એક દમ થઇ શકે

તેમ નથી ધીમે ધીમેજ થઇ શકશે. પરંતુ વેળાસર કામ ઉપાડી લેવાથી તેનાં સારા ફળ ચાખવાને વ્હેલાં મળશે.

૨૧ પ્રથમ ઉપાય જે લેવાનો છે તે એ કે છોકરાંઓને યથાર્થ સંગીન પાયા પર પ્રાથમીક કેળવણી આપવી તે કામ પેહેલું કરવું જરૂરનુ છે, બીજા કામો પછીથી કરવાના છે:

૨૨ કોઇ કોઇ વખતે પ્રસંગે જ્ઞાતિ મેળવડો થાય છે ત્યારે કોઇપણ બાબતો જ્ઞાતિ મેળાવડા શમક્ષ ચરચાય છે ને વખતે પક્ષા પક્ષી થાય છે તથા ઠઠ્ઠા મસ્કરી કરી તે બાબતો ઉડાવી દેવાય છે જો આમ થયા કરે તો જ્ઞાતિમાં સુધારા વધારા શી રીતે થઇ શકે એવાં પ્રસંગો ઘણી વખતે બનેલા નજરે જોએલા છે:

૨૩ અરે જ્ઞાતિભાઇઓ ! જુઓ તો ખરા કે બીજી જ્ઞાતિઓમાં કેવા કેવા કાયદાઓ બાંધેલા છે તે કાયદાઓને અનુશરીને ઉક્ત જ્ઞાતિઓ કેવી રીતે ચાલે છે. તે પણ જ્ઞાતિઓ છે અને આપણી પણ એક જ્ઞાતિ છે મોટી સાગર જેવી જ્ઞાતિઓમા ચાર કે પાંચ જણને. પંચ તથા સર પંચ તરીકે નીમેલા હસે તેઓના કહ્યા મુજબ શર્વે જણ ચાલે છે કે નહી તે પણ આપણે નજરે જોઇએ છીએ

૨૪ આપણી જ્ઞાતિઓના ઘર આખા કચ્છમાં ૭૫ કે ૧૦૦ હશે તેટલા પણ બાંધેલા કાયદાઓને અનુંશરીને ચાલતા નથી એમાં કસુર નીમેલા પંચોનો છે. કેમકે તેઓ જ્ઞાતિ ઉપર દેખરેખ રાખવાને નીમાયલા છતાં દેખરેખ રાખી શકતા નથી તેમ કોઇને કહી શકતા નથી આવી સ્થિતિ હોવાથી જ્ઞાતિમાં બગાડો થાય છે અને આમને આમ ચાલશે તો હજુ વધુ બગાડો થશે તે પંચ તથા સર પંચનો જોવાનું છે.

૨૫ પંચ તથા સર પંચે પોતાની ફરજ દઢ પણે બજાવવી જોઇએ. પંચને તો સગો હોય મીત્ર હોય કે ભાઇ હોય તોપણ સર્વે ઉપર દેખરેખ શરખી રીતે રાખવી જોઇએ એમ કરવાથીજ જ્ઞાતિમાં સુધારો વધારો થતા વાર નહિં લાગે.

૨૬ હાલમાં જોશો તો આપણી જ્ઞાતિની કોથળીમાંથી કોરી પણ પણ નીકળશે નહિં વલી પણ વખત હશે તો તે રકમ કોની પાસે છે તેની પણ કોઇને ખબર હશે નહીં તેની તપાસ કરવાનું કામ પચ તથા સર પંચનું છે અને તે કામ કરવાની જરૂર છે, મને એમ લાગે છે કે થોડી ઘણી રકમ હોવી જોઇએ. તેની તપાસ કરવાથી માલમ પડી આવશે,

" દાન એ મોક્ષનું સાધન છે. "
" દાન એ મોક્ષનું પહેલું પગથાનું છે. "
(બાજ ખેડાવાળમાંથી)

વ્હાલા જ્ઞાતી બંધુઓ ! કોઇને સનમાન આપવું તે પણ એક જાતનું દાન છે તેમ મૂર્ખને ઉપદેશ આપીને સારે માગે ચલાવવા એ એક દાન છે દાન ઘણી જાતના છે વિદ્યાદાન, ઔષધિદાન, સ્થાનદાન, અન્નદાન, વસ્ત્રદાન. જળદાન, (પરબ મંડાવવી) લક્ષ્મીદાન ઇત્યાદી છે.

વિદ્યાર્થીને વિદ્યા, રોગીને ઓસડ, અશ્રિત થયેલાને સ્થાન, ભુખ્યાને અન્ન, ઉઘાડાને વસ્ત્ર, તરસ્યાને પાણી, આબરૂદાર દેવાળાને રૂણમાંથી મુક્ત કરવું. આ સરવેથી શ્રેષ્ટદાન છે. આ સીવાય અશક્ત માણસને જરૂરીયાત વસ્તુ આપે તે પણ દાન ગણાય છે. દાન

આપવું તે એવાને આપવું કે જેનાથી કરીને પ્રતિ ઉપકાર મળી શકે નહિં ને તે મેળવવાના વીચાર પણ ન રાખવા.

જેની પાસેથી પાછુ મેળવવાની ઇચ્છા નથી તેવાને દેશકાળ પોતાના ઘરની શક્તી જોઈ નહિ કે બાપદાદાની આબરૂના પ્રમાણમાં અને લોકોના ચઢાવવાથી પણ યથાશક્તિ જે અપાય તે દાન કેહેવાય છે.

આ ઇશ્વરી સૃષ્ટીમાં જે જે વસ્તુઓ તમારી સત્તામાં છે તે તમારી પોતાની નથી. પરંતુ તેમાંથી તમો તમારે હાથે જે પરોપકારાર્થે વાપરશો તેજ તમારી પાસે આવશે. આપણા સાધારણ લોકપણ બોલે છે કે, હાથે તે સાથે એટલે તમો તમારે હાથે વાપરશો તેજ તમારૂ છે બીજું નથી.

ખુશામત.

સત્ય. બાજ બેડાવાળમાંથી પાને ૧૩૦

ભણોને બાળકો પે'લો, પે'લો પાઠ ભણાવુ હું,
ધરો ને સત્યમાં પ્રીતિ, પે'લુ એ શીખાવું છું;
લઢોને સત્ય ને માટે વઢો ઝગડો ધરી પ્રીતિ.
કરો ના હાજી હા કદીએ, ધરોને એક સચ્ચાઇ.
કરો દાખલ હ્રદેમાં તો, હરિશ્ચંદ્ર તણી નીતિ,
જવું લુંટાઈ કે વેચાઈ, ન સત્યે છાંડવી પ્રીતિ;
ધરી આગ્રહ સદા સચ્ચાઇમાં યુદ્ધ જમાવોને,
કરો સૌ કામ ધરીને હામ, સત્ય પાઠ પઢીને એ.

જેટલું માણસને નિન્દાથી ડરવાનું છે તેથી વધારે ખુશામતથી ડરવાનું છે. નિન્દા કરનાર માણસ તો ઉઘાડી રીતે આપણા કોઈ કામને બુરૂં કે ખોટું હોય તોએ તે જણાવા દેતા નથી. જેમ કેટલાએક પાગળ વૈદ્યો રોગ ભયકર છે એમ જાણતાં છતાં પણ તેમાં કંઈ નથી; હું મટાડીશ એમ કહી ખાલી પ્રયોગો થોડા દિવસ અજમાવે છે અને પછી રોગનું ખરૂં સ્વરૂપ ફાટી નીકળતાં નિરૂપાય બની જાય છે અને દરદીને જોખમમાં નાંખે છે તેમ ખોટા ખુશામતીઆઓ પણ આપણી ગંભીર ભુલોને કંઈ નથી એમ કહી તે ઢાંકવાને મથે છે, પણ જ્યારે તેનું ખરૂં સ્વરૂપ દેખાઈ આવે છે ત્યારે મોં બતાવવા પણ આવતા નથી. માણસનો સાચો મિત્ર તો એજ છે કે જે તેની ભૂલો ઉઘાડી કરી બતાવે અને તેમ કરી ભવિષ્યમા તેવી ભૂલ ન થાય તે માટે ચેતવણી આપે. અત્યારે આપણામાં ખુશામત એટલી વધી ગઇ છે કે તેની પાર જોવું એ ઘણા વખત અશક્ય જેવુંજ લાગે છે. સત્ય હંમેશાં પ્રિય હોતું નથી અને ઘણી વખત કડવું લાગે છે કડવી વસ્તુને દવા છે કે વિષ છે તે પારખવું મનુષ્યના જ્ઞાન ઉપર આધાર રાખે છે. ખુશામતના અંદરના ભાગમાં તો હંમેશાં વિષજ વસેલું હોય છે. બાહારની ટાપ ટીપથી ખુશામતીઆઓ અંદરનું ઝેર જણાવા દેતા નથી પણ ફક્ત સ્વાર્થને ખાતર, તેણે કરેલા કામનાં ખોટું કે ખરૂં તપાસ્યા વિના વખાણ કર્યા કરવાં. તેનું નામ ખુશામત છે. પોતાના ખુશામતીઆઓથી દુર જઇને જો દરેક માણસ પોતાના કામનો વિચાર કરે તો પોતાને પોતાની ભૂલ તરત માલમ પડે.

જ્ઞાતિ ને અરજ.

જ્ઞાતિભાઇઓ હવે લખવાનું બંધ કરું છું. લખવા બેશી તો મોટો ઇતિહાસ થઈ જાય. ટુંકામાં લખવું વધારે સાર છે મ હાલમાં આટલું લખવું બસ છે હવે તેમા વધારો ઘટાડો કરવ કામ જ્ઞાતિઓનુ તથા પંચ તથા સર પંચ ભાઇઓનું છે.

જ્ઞાતિભાઇઓ મે જ્ઞાતિ સબંધી આજે જે લખાણ કરેલુ તે લખાણુ વાંચી કચરા પટીમાં નાંખી દેશો નહિં પણ વાં ધ્યાનમાં લેશો એટલી મારી નમ્ર અરજ છે.

૨૮ જ્ઞાતિ ભાઇઓ શરવેને હું અરજ કરું છુ કે આજે જ્ઞા સંબંધી જે અલ્પ સેવા બજાવી છે તે વાંચી તેની અંદર જે મા ભુલચુક થઈ હોય તો સુધારી લેશો અને આપના સેવકને તે મા માફ કરશો એવી મારી વિનંતિ છે.

૨૯ જ્ઞાતિ બંધુઓને વિનંતી કરું છું કે આજે જે બાબ લખેલી છે, તે તે બાબતો વાંચી ને, આપના સેવકને આભા કરશો. અને હવે પછીનાં લેખો લખવાની તથા છપાવી બીજો પુસ્ત તૈયાર કરાવામાં મારી ઘણીજ ઊમેદ થાય છે. પણ માહારામાં એટ બધું લખવાનું જ્ઞાન નથી કે જેથી આગળ વધી શકું. અને બીજા કોઈ પણ જ્ઞાતિભાઇઓમાંથી લેખ લખી મદદ કરસે તો તેને જોડે જોડાવાને તૈયાર છઉં. કેહેવત છે કે એક હાથે તાળી પ શક્તિ નથી બે હાથેજ પડે છે. અને આ આપણી જ્ઞાતિના કામ અંદર કોઇ પણ જ્ઞાતિબંધુને આગલ પડવાને શારૂં વિચાર થતું હો

તો તેની હમો હમારાથી બનતી મદદ આપીશું તેવીજ રીતે એજ પ્રમાણે બીજા નાતિ બંધુઓમાંથી પણ મદદ કરવાને શારૂં અગાડી પડી ભાગ લેશે એવી મને આશા છે, હવે તે નાતિ બંધુને બાહાર પડી આપણી નાતિના કામમાં પુરતી મદદ કરશે, એવી હમો આશા રાખીએ છીએ અને એજ આપણા નાતિભાઇઓની ફરજ છે.

૩૦ અને હવે પછી નાતિ કેળવણી સંબંધીના લેખો છપાવી એ પણ તે છાપેલા પુસ્તકના નાતિબંધુઓ ઘરાક થઈ. અગાઉથી પોતાનું નામ ઠામ ઠેકાણું લખી ખબર આપવી જો એમ પૈસાની મદદત મલશે તો બીજુું પુસ્તક છપાવી થનાર ઘરાકોને તે પુસ્તક આપવામાં આવશે. અને જો પૈસાની મદદ નાતિ તરફથી નહિં મલશે તો શ્રી પાલીવાળ અભ્યુદય નામનું પુસ્તક છપાશે નહિં. મને તો પુરતી આશા છે કે મદદ કરવામાં ચુકશે નહીં એમ આશા રાખુ છું અને નાતિ કેળવણીનું કામ ચાલુ રેહેશે તેમ શમજીને મદદ કરવામા પછાત પડશો નહિં. અને તે પુસ્તક છપાવવાથી નાતિભાઇઓને વાંચવાથી ઘણુંજ ફાયદાકારક થઈ પડશે અને કેળવણી આપવામાં ઘણી મેહેનત પડશે નહીં.

૩૧ આજે "**શ્રી કચ્છ પાલીવાળ અભ્યુદય**" નામનું પેહેલું પુસ્તક છપાવી બાહાર પાડવામાં આવ્યું છે જેની કીમત કોરી ૦॥ રાખવામાં આવી છે. પણ તે કીમત લેવામાં હમારૂં મન લેવાને માટે ના પાડે છે અને જો નાતિભાઇઓને તેની કીમત આપવામાં ખુશી હશે તો તે પૈસા એકઠા કરીને આ પુસ્તકની છપામણ તથા ટપાલ ખર્ચ લઇને બાકીના વધેલા પૈસા નાતિ કેલવણીમા આપવા એમ ઠરાવ નક્કી કરેલ છે.

આ પુસ્તક જ્ઞાતિભાઓને મળ્યા પછી તેની લખેલી કીમતના પૈસા જેને આપવાની ખુશી હોય તેને આપણી જ્ઞાતિના સર પંચ **શેઠ વેલજીભાઈ માધવજીભાઈને** ગામ શ્રી નખત્રાણે મોકલવા ચુકવું નહી.

અસ્તુ   અસ્તુ   અસ્તુ

શાન્તિ   શાન્તિ   શાન્તિ

લી૦ પાલીવાળ જ્ઞાતિના શુભેચ્છક સેવક

રતનસી જીવણરામ જોસી.

ના નમસ્કાર વાંચશોજી.

કચ્છ ગામ નખત્રાણાવાળા.

હાલમાં સ્થાન–ભરૂચ.